

અરવલ્લી જિલ્લામાં નવા વર્ષની ઉજવણી

મોડાસા, તા. ૧૪

વિક્રમ સંવત ૨૦૭૨ને બંને જિલ્લાની પ્રજાએ આનંદ ઉલ્લાસ અને આતશબાજી તેમજ રોશનીથી વધાવ્યો હતો. દિવડાઓના પ્રકાશ અને રોશનીથી ઝગમગાટ કરીને બંને જિલ્લાની પ્રજાએ નવા વર્ષનો સત્કાર કરી આવકાર્યો હતો. દિવાળીથી માંડીને લાભપાંચમ સુધીની દિવાળીના આ મહાપર્વની લોકો આનંદ ઉલ્લાસથી મનાવે છે. નૂતનવર્ષના દિવસે પ્રજાજનોએ એકબીજાને ભેટીને શુભેચ્છા પાઠવી હતી. આધુનિક મોબાઈલ યુગમાં જિલ્લાવાસીઓએ સંબંધીઓ, મિત્રોને વોટ્સએપ, એસએમએસ કૉલથી શુભેચ્છા પાઠવી હતી. જયારે મોડાસા તાલુકાના રામપુર અને સાકરીયા ગામના પ્રજાજનો અને પશુપાલકોએ વર્ષોથી ચાલી આવતી પરંપરા ગામની પાદરે પશુધન એકઠું કરી ફટાકડા ફોડી ભડકાવી નવા વર્ષની અનોખી ઉજવણી કરી હતી.

અરવલ્લી જિલ્લાના પ્રજાજનોએ નવા વર્ષની ઉજવણીમાં મશગૂલ બન્યા હતા. મોડાસા તાલુકાના રામપુર અને સાકરીયા ગામમાં નવા વર્ષની પરંપરા મુજબ ગોપાલકો અને ગ્રામજનો દ્વારા વિક્રમ સંવત ૨૦૭૨ના નવા વર્ષની ઉજવણીમાં ગામની પાદરે આવેલા રાધાકિષ્ણ મંદિરે એકઠા થયા હતા. અને ગામના તમામ પશુઓને એક જ સ્થાન પર એકઠા કરી ફટાકડા ફોડી ગોપાલકોએ પશુઓને ભડકાવવામાં આવ્યા હતા. ફટાકડાના અવાજથી પશુઓ દોંડોદોડી કરી મૂકતા અનોખા દૃશ્યો સર્જાયા હતા. આ પરંપરાગત વિધિ બાદ બંને ગામના લોકો ભગવાનના દર્શન કરી સામૂહિક રીતે એકબીજાને ભેટી આવનારું નવું વર્ષ સૌ કોઈને અને ગ્રામજનોને ફળદાયી નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી.

ગામના અગ્રણીઓના જણાવ્યા અનુસાર નવા વર્ષની અનોખી ઉજવણી પાછળ વર્ષોપુરાણી માન્યતા રહેલી છે. સામાન્ય દિવસોમાં ફટાકડાથી ભડકેલા પશુઓ દોડાદોડી કરીને મનુષ્યને નુકશાન પહોંચાડે છે.

મોસાડાના રામપુર અને સાકરીયા ગામના પશુપાલકો દ્વારા પશુધનને ફટાકડા ફોડી ભડકાવી નવા વર્ષની ઉજવણી કરે છે

જયારે નવા વર્ષના દિવસે ફટાકડાથી ભડકાવેલા પશુઓ કોઈને મારતા નથી કે મનુષ્યને નુકશાન પહોંચાડતા નથી. તદ્‌પરાંત પશુઓને ભેદી રોગ સામે રક્ષણ મળતું હોવાથી અને આ અનખી ઉજવણીથી ખેતીની ઉપજની સાથે ગામમાં ભાઈચારો જળવાઈ રહે છે અને આગામી વર્ષોમાં પણ પરંપરાગત પશુઓને ભટકાવી અનોખી ઉજવણી તેમનો વારસો જાળવશે તેવું ગ્રામજનોએ જણાવ્યું હતું.

ઊંઝામાં ભાજપના ઉમેદવાર તરીકે એક પણ પાટીદારોએ ફોર્મ ન ભર્યા

ઉંઝા. તા. ૧૪

ભાજપનો ગઢ ગણાતાં ઉંઝા શહેરમાં છેલ્લા દસ વર્ષથી ભાજપ શાસિત નગરપાલિકાની આ વખતની ચૂંટણીમાં ઉમેદવારી પત્રકો ભરાતા અંતિમ દિવસે ભાજપના ઉમેદવાર તરીકે એક પણ ફોર્મ ન ભરાતા ભાજપનાં સ્થાનિક ધારાસભ્ય સહિત તાલુકાના ભાજપના આગેવાનોની ઊંઘ ઊંડી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

પાટીદાર અનામત મુદ્દે છેલ્લા કેટલાક સમયથી ભાજપ સરકાર સામે પાટીદારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે ઊંઝા પાલિકાના સામાન્ય ચૂંટણીમાં તેનો પડઘો હોય તેમ ઉમેદવારી પત્રો ભરવાની આજે છેલ્લી તારીખે સ્થાનિક પાલિકાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે કોઈ ઉમેદવારે ફોર્મ ભર્યું નથી. ઊંઝા વિસ્તારમાં છેલ્લી પાંચ ટર્મથી ભાજપના ધારાસભ્ય ચૂંટાયા છે. અને છેલ્લા દસ વર્ષથી નગરપાલિકામાં સત્તા સ્થાને ભાજપનો દબદબો રહ્યો છે. આમ ભાજપ માટે ગઢ ગણાતા ઊંઝા શહેરમાં પાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે એક પણ ફોર્મ ન ભરાતા ઊંઝા શહેર સહિત સમગ્ર તાલુકામાં ભાજપ માટે કપરાં ચઢાણ સાબિત થાય તેવી સ્થિતિ પેદા થઈ છે.

સ્થાનિક નગરપાલિકાના નવા વોર્ડની કુલ ૩૬ બેઠકો પર મુખ્યત્વે અપક્ષ તરીકે ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. જયારે આઝાદીના વર્ષો બાદ આ વખતની ચૂંટણીમાં પાલિકાના વોર્ડ નં. ૧માં ત્રણ ઉમેદવારો, વોર્ડ નં. ૬ માં એક, વોર્ડ નં. ૮માં એક અને વોર્ડ નં. ૯માં એક ઉમેદવાર મળી કુલ છ ઉમેદવારોએ કોંગ્રેસના સિમ્બોલ પર સૌ પ્રથમવાર ફોર્મ ભર્યા છે. પાટીદાર અનામતના મુદ્દે ભાજપ સરકારથી નારાજ પાટીદારો નગરપાલિકા તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપનું ધોવાણ કરી દેશે તેવું જણાય છે.

રંગોળી - દીપોત્સવીમાં રંગોળી બનાવવાનું એક અલગ જ મહાત્મ્ય હોય છે, ત્યારે અરવલ્લી જીલ્લાના મેઘરજની પંચવટી સોસાયટીના રહીશ રાજેશ્રી ભાટીયા તેમજ ધ્યાની ભાટીયાએ અલગ અલગ રંગોથી ભગવાન શ્રીકૃષ્ણ અને ગાય માતાની કલાત્મક રંગોલીનું પોતાના નિવાસ સ્થાને સર્જન કર્યું હતું.

પોલોગ્રાઉન્ડમાંથી ચોરી કરનાર શખ્સ પાસેથી રૂા.૧.૨૫ લાખનો મુદ્‌માલ કબજે લેવાયો

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ શાકુન્તલ સોસાયટીમાં રહેતા ભાવિનકુમાર ખત્રીના મકાનમાંથી ચારેક દિવસ અગાઉ અજાણ્યા શખ્સોએ સોના-ચાંદીના દાગીના મળી રૂા.૩.૭૨ લાખની ચોરી કરી જતા રહ્યા હતા. ત્યારબાદ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.ડી.પરમારે તપાસ દરમિયાન પકડાયેલ શખ્સ જાકીરહુસેન ઉર્ફે ચુહો અઝીઝમીયા ઉર્ફે લાલમહંમદ શેખ પાસેથી પોલીસે રૂા.૧.૮૫ લાખની મત્તા કબજે લીધી હતી. ત્યારબાદ તેણે રિમાન્ડ દરમિયાન ચોરી કરેલ રૂા.૧.૨૫ લાખના દાગીના તેના અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલ ઘરની બાજુમાં દાટી દીધા હોવાનું કબુલતા પોલીસે તેને સાથે રાખી તે દાગીના કબજે લીધા હતા.

પ્રાંતિજમાં જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીના ઉમેદવારોના ફોર્મની ચકાસણી કરાઈ

પ્રાંતિજ, તા. ૧૪

પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આજે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીના ઉમેદવારોની ફોર્મની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં તમામ પક્ષોના ઉમેદવારો પોતાના ટેકેદારો સાથે હાજર રહ્યા હતા.

પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે પ્રાંતિજની જિલ્લા પંચાયતની ચાર બેઠકોમાં બાલીસણા, મોયદ, સીતવાડા અને સોનાસણ પૈકી ૧૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં ત્રણ ફોર્મ રદ થતા ૧૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જયારે તાલુકા પંચાયતમાં આમોદરા, બાલીસણા, દલાની મુવાડી, દલપુર, ધડી, ધડકણ, કમાલપુર, મજરા, મોયદ, ઓરાણ, પિલુદ્રા, સલાલ, સીતવાડા, સોનાસણ, તાજપુર, ઉછા, વદરાડ, વાઘપુર, ઝીંઝવા મળી ૨૦ બેઠકો માટે ૭૪ ફોર્મ ભરાયા હતા. જેમાં ૨૩ ફોર્મ રદ થતા કુલ ૪૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જયારે દલપુર બેઠક પર આવતીકાલે કોઈ નિર્ણય લેવાશે.

જિલ્લા પંચાયતની ૪ બેઠકો માટે ૧૬ ઉમેદવારો જયારે તાલુકા પંચાયતની ૨૦ બેઠકો માટે ૪૮ ઉમેદવારો મેદાનમાં

આત્મઘાતી હુમલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચારેબાજુ લોહીના ખાબોચિયા નજરે પડ્યા હતા. ફ્રાંસના મિડિયામાં જણાવવામાં આવ્યું છે કે, જુદા જુદા વિસ્તારમાં આત્મઘાતી બોંબરોએ હુમલા કર્યા હતા. જે પૈકી બટાક્લાન કોન્સર્ટ સ્થળ ઉપર આત્મઘાતી હુમલો કરાયો હતો જેમાં ભારે ખુવારી થઈ હતી. આ ઉપરાંત પેરિસના ઉત્તરમાં સ્ટેડ ડે ફ્રાંસ, સ્ટ ડેનિસ નજીક પ્લાસ્ટ કરાયો હતો. આ ઉપરાંત લે કારિલોન બારમાં પણ ગોળીબાર કરાયો હતો. લે પેટિટ રેસ્ટોરન્ટ ખાતે અંધાધૂંધ ગોળીબાર કરાયો હતો. અંધાધૂંધ ગોળીબાર અને આત્મઘાતી હુમલામાં મોટી ખુવારી થઈ હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે, આઠ આતંકવાદીઓ પૈકી સાતે આત્મઘાતી બેલ્ટ બાંધેલા હતા. પેરિસમાં રહેતા લોકોને ઘરથી બહાર ન નિકળવાની સૂચના આપવામાં આવી હતી. સૌથી ભીષણ હુમલો બટાક્લાન કોન્સર્ટ હોલમાં થયો હતો જયારે કેલિફોર્નિયાના બૈંડ ઈગલ્સ ઓફ ડેથ મેટલનો કાર્યક્રમ યોજાનાર હતો. કેટલાક લોકોને બાનમાં પકડી લેવાયા હતા. હુમલા અગાઉ આઈએસ દ્વારા ટ્વિટર ઉપર માહિતી આપવામાં આવી હતી અને ત્રાસવાદીઓ સામે ફ્રાંસની લશ્કરી કાર્યવાહીની ઝાટકણી કાઢવામાં આળી હતી. પેરિસમાં દહેશતપૂર્ણ માહોલ ફેલાઈ ગયો હતો.

હચમચી ઉઠ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિને કહ્યું છે કે, અમાનવીય હત્યાકાંડને રશિયા કઠોર શબ્દોમાં વખોડે છે અને ત્રાસવાદનો ખાત્મો બોલાવવા માટે તમામ પ્રકારની સહાયતા ફ્રાંસને આપવા માટે રશિયા તૈયાર છે.

સાઉદી અરેબિયાના વિદેશ પ્રધાન અહેમદ અલ જુબીરે કહ્યું છે કે, પેરિસમાં કરાયેલા ધર્મ અને નૈતિક મુલ્યોની વિરુદ્ધમાં છે. બ્રિટિશ વડાપ્રધાન ડેવીડ કેમરુને કહ્યું છે કે, વિશ્વના લોકો કટોકટીમાં ફ્રાંસના લોકોની સાથે છે. પેરિસમાં ભીષણ ત્રાસવાદી હુમલાઓ કરાયા બાદ આજે સવારે ડેવિડ કેમરુને તરત જ કોબ્રાની મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. વિશ્વના અન્ય દેશોમાં પણ બેઠકોનો દોર શરૂ થયો હતો.

ભાવિકોની ભીડ જામી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોમનાથ દર્શન માટે પણ નિકળી ગયા હતા. જયારે શહેરના સૌથી જુના અને શ્રધ્ધાળુઓમાં આસ્થાનુ કેન્દ્ર સ્થાન તેવા પંચદેવ મંદિરમાં પણ ભાવિકોએ ભગવાનના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પણ પંચદેવ મંદિરે દર્શનનો લાભ લીધો હતો. પંચદેવ મંદિરે નવા વર્ષ નિમિત્તે ભગવાનના આર્શીવાદ લેવા માટે ભાવિકોની ભીડ જામી હતી. જયારે આ ઉપરાંત શહેરના અન્ય મંદીરોમાં પણ શહેરીજનોએ દર્શનનો લાભ લીધો હતો. સે-૨૧ વૈજનાથ મહાદેવ, સે-૨૯ જલારામ મંદિર સે-૧૭ હનુમાન મંદિર સે-૧૬ સોમનાથ મહાદેવ તેમજ સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદીરમાં પણ ભાવિકોએ નવા વર્ષના પ્રારંભે ભગવાનના દર્શન કરી સૌના મંગલ માટે પ્રાર્થના કરી હતી. શહેર નજીકના જાણીતા ધાર્મિક સ્થળો ધોળેશ્વર મહાદેવ વાસણિયા મહાદેવ મંદિર તેમજ પવિત્ર તીર્થ સ્થળ મહુડી ખાતે પણ ભાવિકોની ભીડ જોવા મળી હતી. નવા વર્ષના પ્રારંભે નગરજનોએ એકમેકને શુભેચ્છાઓ પાઠવી પ્રેમ અને ભાઈચારો જાળવી રાખવાનો સંદેશો પણ પાઠવ્યો હતો.

મોડાસાની રોયલ પાર્ક સોસાયટીમાં ૩૫ હજારની ચોરી કરી તસ્કરોએ નવા વર્ષનું મુર્હૂત કર્યુ

મોડાસાસ, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં પોલીસતંત્રની નબળી કામગીરીથી પ્રજાજનોમાં રોષ ફેલાયો છે. ત્યોહારના સમયે જિલ્લા પોલીસતંત્ર દ્વારા નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવે તો શહેરના રહેણાંક વિસ્તારોમાં છાશવારે થતી તસ્કરોની અને ઘરફોડ ચોરીની ઘટનાઓ પર મહ્‌દઅંશે રોક લગાવી શકાય. શહેરીજનોમાં પોલીસની નિષ્ક્રિય કામગીરી અંગે આક્રોશ ફેલાયો છે. મોડાસા શહેરના લઘુમતી વિસ્તારમાં કૉલેજ રૉડ પર આવેલી રોયલ પાર્ક સોસાયટીના બંધ મકાનમાં ધનતેરસની રાત્રીએ તસ્કરોએ મુર્હુત સાચવવા ઉપ હજારની રોકડ રકમ ચોરી ફરાર થઈ ગયા હતા.

મોડાસાના કૉલેજ રોડ પર લઘુમતી વિસ્તારમાં આવેલી રોયલ પાર્ક સોસાયટી રહેતા ઉસ્માન ગની અબ્દુલકાદર જેથરા દિવાળી વેકેશનમાં અમદાવાદમાં રહેતા તેમના નાનાભાઈના ઘરે મકાન બંધ કરી પરિવાર સાથે ગયા હતા. ધનતેરસની રાત્રે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી મુખ્ય દરવાજાનું તાળું તોડી મકાનની અંદર રાખેલી ઉપ હજારની રોકડ રકમ ચોરી પલાયન થઈ ગયા હતા. ઘરના દરવાજાનું તાળું તોડેલું દેખાતા આજુબાજુના લોકોએ આ અંગે તેમના ભાઈ અસ્ફાકને જાણ કરતાં ચોરીની ઘટના અંગે અમદાવાદ ફરવા ગયેલા ઉસ્માનગનીને જાણ કરતાં મોડાસા પરત આવી ગયા હતા. અને તિજોરીમાંથી ઉપ હજારની રોકડ રકમની ચોરી થયાનું જણાતા આ ચોરીની ઘટના અંગે મોડાસા ટાઉન પોલીસને જાણ કરી હતી.

મોડાસા શહેરમાં રહેણાંક સોસાયટીઓ દુકાનના તાળા તોડવાની અનેકવાર ઘટનાઓ બનવા છતાં પોલીસની નબળી-કામગીરીથી પ્રજાજનોમાં રોષ ફેલાયો છે. શહેરમાં તસ્કરોનો આતંક યથાવત રહેતા દિવાળી વેકેશનમાં બંધ મકાનને ત્રસ્કરો નિશાન બનાવી લૂંટની ઘટનાઓમાં વધારો થાય તો નવાઈ નહિ.

હિંમતનગરમાંથી પીકઅપ ડાલુ તથા બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગરના હડિયોલપુલ છાપરીયા અને મહાવીરનગરમાં આવેલ ડી-૧૦ રતનપાર્કમાંથી મળી મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સોએ બે વાહનની ચોરી કરીને કાળી ચૌદશની ઉજવણી કરી હતી. જોકે વાહન ચોરીની બંને ફરિયાદો અંગે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે હડિયોલપુલ છાપરીયામાં રહેતા ચિરાગભાઈ અરવિંદભાઈ પંચાલે પોતાનું બાઈક નં.જીજે. ૯.આર. ૩૮૪૨ ને ઘર આગળ પાર્ક કર્યુ હતું. દરમિયાન મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સો તેની ચોરી કરી લઈ ગયા હતા. તેજ પ્રમાણે મહાવીરનગર વિસ્તારમાં આવેલ ડી-૧૦ રતનપાર્કમાં રહેતા પ્રેમારામ નરસાજી પ્રજાપતિએ પીકઅપ ડાલા નં.૦૧.એયુ.૯૩૨૨ ને ઘર નજીક પાર્ક કર્યુ હતું. જેની કાળી ચૌદશની રાત્રેજ અજાણ્યા શખ્સો ચોર કરીને લઈ ગયા હતા.

મોરપીંછના રંગ (૪ પાનાનું ચાલુ...)

પ્રભાવિત કરી શકે એવું પ્રાકૃતિક સૌન્દર્ય અને શક્તિ ઈશ્વરે એને ગીફ્ટ આપેલા. એટલે હું પણ પ્રભાવિત થયા વિના કેવી રીતે રહી શકું. કેટલીક વ્યક્તિઓમાં ''ચુમ્બકત્વ'' હોય છે તે મને આ એલિઝાબેથમાં જોવા મળ્યું. એક અસ્સલ, ત્રાંબાના લોટા જેવી ચમકતી પહાડી સુંદરતાની એ સંપૂર્ણ માલિક, જો રાજકપુર જીવતા હોત અને તેમનું ધ્યાન આ એલિઝાબેથ ઉપર પડ્યું હોત તો અવશ્ય એમના ફિલ્મની ફિરોઈન તરીકે એને લઈ જાય એવું તેજાબી રૂપ અને આકર્ષણ, પણ એનામાં એકદમ નિશ્ચછલતા, પવિત્રતા અને પારદર્શકતા.. મને લાગે છે કે એને બાળકો ખુબ ગમતા હશે. એના વર્તન વ્યવહારમાં કોઈ કપટ નહી, વિભાવ કે સ્વાર્થ નહી, હસે તો ખળખળ નદીની જેમ અને મૌન રહે તો જાણે ગોરંભાયેલું આકાશ. પોતાની જ મસ્તીમાં રહેવું એનો સ્વભાવ. ત્યા ત્રણ દિવસ મારું એક અતિથિ તરીકે - સર્જક તરીકે ખુબ ધ્યાન રાખ્યું એ આતિથ્યને કેમ ભૂલાય... ક્યો સંબંધ હશે એની સાથે? **ELI JEE... HEARTLY THANKS**

5. SHRI LALMUANAWMA SAILO, (ASS. PRO. MHTC - AIZAWL)

આ અધ્યાપક મિત્ર પણ મને લેવા આઈઝોલના એરપોર્ટ પર એલિઝાબેથની સાથે આવેલા, અસ્સલ ચીના જેવો ગોળ ભરાવદાર અને રૂપાળો ચહેરો, કોઈ પણ રીતે ભારતીય લાગે નહી છતાય ભારતીય હોવાનું તેમને ગૌરવ. એમના મોબાઈલના વૉટસપમાં સ્ટેટસ **"EAT, SLEEP, REPEAT"** માં એમનો સ્વભાવ પણ વ્યક્ત થઈ જાય છે. આઈઝોલના પર્વતો પર કાર ચલાવતા મને એક એક પર્વતોની ઓળખ આપેલી અને વળી કહેલું કે '' ભટ્ટ સાહબ, હમ તો સમજ રહે થે કી આપ બૂઢે હોંગે, ધોતી ઔર કમીઝ પહનકર આયેંગે પર આપ તો એકદમ સૂટ બૂટ મે હિરો કી તરહ યંગ હૈ, હમે આપ સે મિલકર બહોત ખુશી હૂઈ, '' પ્રો. સાઈલો ખુબ સારા સંચાલક આખો પૂર્ણાહૂતિ સમારોહ એમણે એકદમ હળવી શૈલીમાં સંચાલિત કરીને સૌને ખુશ કરેલા. પહાડી શરીર અને આંખો નાની હોવા છતાંય હૃદય અને વિચાર ખુબ જ વિશાળ. આ મિત્રએ ત્રણેય દિવસ મને ઘણા બધા સ્માઈલ ભેટ આપ્યા છે... **THANK YOU DOST**

6. DR. KAMLAVATI DEVI (ASS. PRO. MHTC - AIZAWL)

આ મેડમ ૪૭ વર્ષના પણ અપરણિત હતા. અને એમના ચહેરા પર અપરિણિત હોવાનું તેજ ચમકતું હતું. હિન્દીની પૂરી નિષ્ઠાથી સેવા કરવાની ધખના અને હામ લઈને તેઓ મણિપુરથી અહી નોકરી કરવા એકલા આવેલા. પહેલે જ દિવસે મારી સાથે મુલાકાતમાં તેઓ મારાથી ખુબ પ્રભાવિત થયા અને પછી હિન્દી સંબંધી અમે ખુબ ચર્ચાઓ કરેલી. એમની અંદર એક નિર્મળ બાળક હોવાનો અહેસાસ થાય. સતત કંઈક શીખવું - આગળ વધવું અને માત્ર નોકરી જ જીવનનું પૂર્ણવિરામ નથી, આ જીવનમાં કંઈક એવું કરવું છે કે આપણને સંતોષ થાય. ગર્વ થાય, એવા વિચારોથી કોઈને પણ પ્રભાવિત કરે, હિન્દી શીખવા માટે આગ્રા, દિલ્હી, વર્ધા જઈને અભ્યાસ કરીને-સંઘર્ષ કરીને આગળ આવનાર આ કમલાજી એક સહદયી નારી પણ છે. ૨૪ તારીખે સંગોષ્ઠિ પૂરી થતા ૨૫ તારીખે હું ફ્રી હતો. મારી રિટર્ન ટીકીટ ૨૬ની હતી. તેથી એક દિવસ મારે પર્વતો જોવા હતા થોડું બજારમાં જવું હતું. હવે તેમને ત્યાની મિઝો ભાષા આવડે નહી આમ છતાંય મારી માટે તેમની એક સ્ટૂડન્ટ અને કાર લઈને આવ્યા અને મને ફરવા લઈ ગયા. એકદમ લાગણીશીલ, વ્યવહાર કુશળ અને ઉંમર, અભ્યાસ કે જ્ઞાનના કોઈપણ પ્રકારના દંભ વિનાનું તેમનું વ્યક્તિત્વ મને ખુબ જ પ્રભાવિત કરી ગયું. કેટલાક સંબંધો નામ વિનાના હોવા છતાંય એ પવિત્ર હોય છે. **THANK YOU KAMLAVATI JEE**

7. MISS. LUANGI (HINDI TEACHER - MIZORAM)

કાશ્મીરી સફરજન જેવો ચહેરો અને એમાં કાળી ભમ્મર આંખો. લાલ ચટ્ટાક હોઠ, ખુલ્લા વાળ અને રસગૂલ્લા જેવું હાસ્ય આ છોકરીની પ્રથમ ઓળખ, બાહ્ય સૌન્દર્ય ગુલાબજળમાંથી બનાવેલી આરસની પૂતળી હોય એવું. ખુબ ઓછું બોલે પણ બોલે તો મોંમાંથી શબ્દોને બદલે સોનાના સિક્કા પડે, હિન્દી શિક્ષિકા હોવાથી એ ત્યા ટ્રેનિંગમાં બે વર્ષ વિદ્યાર્થિનીની ભૂમિકામાં. પરિણામે અગાઉથી પ્રિન્સીપાલે નક્કી કર્યા મુજબ આઠેક છોકરીઓને અમારી સરભરામાં રોજ નવા ટ્રેડિશનલ ડ્રેસ સાથે તૈયાર રાખેલી. એમાં આ લુઆંગી. ત્રણ દિવસ ચા પાણી, નાસ્તો અને જમવાની વ્યવસ્થા આ બધી છોકરીઓ ઉપર હતી. પણ જે દોડી દોડીને આ લુઆંગીએ કામ કર્યુ છે તે ઘરના પ્રસંગમાં પણ કોઈ ના કરે, નાસ્તો કર્યા પછી પાણીથી ટિપોય સાફ કરવી, કચરો વાળવો, જમ્યા પછી બધાની થાળી ઉપાડી ડસ્ટબીનમાં મૂકવી. આવું કામ જે આપણે ત્યા પટાવાળા પણ ના કરે એવું કામ સાવ ચોખ્ખા મનથી અને દિલથી એને કરતી મે જોઈ છે. અને ચહેરા ઉપર સતત સ્મિત તો ખરું જ. આ ત્રણ દિવસમાં એણે મારા મન ઉપર એક અમીટ છાપ છોડેલી. મને એની સાથે બોલવાનું મન થયેલું. પણ એ સમૂહમાં રહેતી. ત્રીજા દિવસે પૂર્ણાહૂતિ વખતે મારે એને 'શાબાશી' આપવી હતી પણ એ સતત કામમાં વ્યસ્ત - અને હું મોટા અફસોસ સાથે વિદાય થયેલો. બીજે દિવસ ડૉ. કમલાવતી દેવી કાર લઈને મને પર્વતો પર ફરવા લઈ જવા આવ્યા. અને તેમની સાથે ..આ ''લુઆંગી'' હું તો એકદમ...થાંભલો. ખેતરમાં અનાજ વાવી દીધા પછી બીજે જ દિવસે ધોધમાર વરસાદ આવે અને ખેડુતને જે ખુશી મળે એવી ખુશી મને મળી. બપોરથી છેક સાંજ સુધી અમે ત્રણેય સાથે કારમાં ફર્યા તે મને એક જાણીતા ચર્ચમાં લઈ ગઈ. ખુબ ફોટા પાડ્યા. લુઆંગીનું વ્યક્તિત્વ ખુબ જ સરળ, નિદોષ એ આપણી સાથે બોલે કે બેસે કે ફોટા પડાવે આપણને એના પ્રત્યે એવો કોઈ દૂર્ભાવ થાય જ નહી. કોઈ મંદિરના દીવાની જલતી જ્યોત જેવી એકદમ પવિત્ર. એ આપણી આંખમાં આંખ પરોવી જુવે તો પણ આપણે આરતી ઉતારતા હોય એવું લાગે. એ આપણો હાથ પકડે કે સ્પર્શે તો પણ આપણને પરમશાંતિનો જ અનુભવ થાય. આટલું સ્વચ્છ, નિર્મળ અને પવિત્ર વ્યક્તિત્વ આજના યુગમાં મેં ક્યાંય નથી જોયું. લુઆંગી અને એલિઝાબેથ સાથેના ફોટા મિઝોરમની આખી સંસ્કૃતિને, સંસ્કારને મારા હદયમાં હંમેશાં જીવંત રાખશે. કોણ હશે આ? કેવો હશે આ સંબંધ? આ જન્મનો કે ગયા જન્મનો? હવે ફરીથી મળાશે કે નહી? દેશના બે છેડાને ઈશ્વર ફરીથી ભેગા કરશે કે નહીં? અનેક પ્રશ્નો આજે પણ મારા મનમાં કાયમ છે.

- 9426060601.india@gmail.com

રઝળપાટ (૪ પાનાનું ચાલુ...)

હોય એમ કરેલી પેકેજની જાહેરાત...બિહારીઓના સ્વાભિમાનનો મુદ્દો...ધાર્મિક મુદ્દદાઓ...ઈટીસી ઈટીસી...સરવાળે પ્રશાંતની આક્રમક અને સટીક રણનીતિ સામે એનડીએના રણનીતિકારો બેકફૂટ પર આવતા ગયા. બિહારે પહેલીવાર આટલો આક્રમક અને હાઈટેક પ્રચાર જોયો. પરિણામો એનડીએ મોદી કે અમિત શાહ તો ઠીક પણ ખુદ નીતીશ અને લાલુ માટે પણ ચોકાવનારા નીકળ્યા. નો ડાઉટ આ પરિણામોમાં નીતીશે શરુ કરેલા બિહારના વિકાસનો પણ એટલો જ ફાળો હતો પણ એ વાત તો હવે બધા જ માને છે કે લોકોની નજરમાં મહા-ગઠબંધનને પ્રસ્થાપિત કરવામાં, લોકોના દિલો સુધી ગઠબંધનની વાત પહોચાડવામાં અને મતપેટી સુધી આ ઈફેક્ટને પહોચાડવામાં સૌથી વધુ ફાળો તો પ્રશાંત અને એની ટીમનો જ હતો...!!!

વિસામો :

બિહાર રીઝલ્ટ ઈફેક્ટ : કદાચ પશ્ચિમ બંગાળની આગામી ચૂંટણીમાં મમતાના પ્રચારની કમાન પ્રશાંત સંભાળશે

-akurjt@gmail.com